**Commissionerate of Technical Education, Gujarat State**

**કમિશનરશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરી, ગુજરાત રાજ્ય**

| | |
|---|---|
| બીજે માળે, બ્લોક નં. ૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર–૩૮૨ ૦૧૦. | 2nd Floor, Block No. 2, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar – 382 010. |
| ☎ : (079) 232 53546<br>URL : http://dte.gswan.gov.in | FAX : (079) 232 53539<br>GRAM : EDUTECH(N) |
| E-MAIL : dteguj@yahoo.co.in, dire-dte@gujarat.gov.in | |


ક્રમાંક: સીટીઈ/મુલાકાતી ભરતી/ઘ-૧થી૪/૨૦૧૫/ ૨૧૫૩૩ તા. 16, SEP 2015

## પરિપત્ર:-

આ કચેરીના તાબા હેઠળની સર્વે સરકારી ઈજનેરી કોલેજો/સરકારી પોલીટેકનીકોના વડાઓને જણાવવાનું કે, સંસ્થા ખાતે મંજુર થયેલ જગ્યા પૈકી જેટલી જગ્યા ખાલી હોઈ તે ધ્યાને લઈને સંસ્થાની જરૂરીયાત અનુસાર મુલાકાતી વ્યાખ્યાતા/સહાયક પ્રાધ્યાપક રાખવાની સ્થાઈ સુચના અમલમાં છે. પરંતુ આ બાબતની જાણકારી સબંધિત ઉમેદવારોને ન હોઈ, તેમજ સંસ્થામાં શૈક્ષણિક સ્ટાફની હાલ અછત છે. આવા સમયે વિદ્યાર્થીઓનુ શૈક્ષણિક હીત જળવાય તે માટે સંસ્થાઓમાં મંજુર થયેલ જગ્યાની સામે મુલાકાતી સહાયક પ્રાધ્યાપક/વ્યાખ્યાતાઓની નિમણૂંક કરવા આ કચેરી દ્વારા ગુજરાતના અગ્રગણ્ય વર્તમાન પત્રમાં બહોળી પ્રસિધ્ધી માટે જાહેરાત આપવામાં આવેલ છે. જે અન્વયે જે ઉમેદવાર મુલાકાતી વ્યાખ્યાતા/સહાયક પ્રાધ્યાપક માટે ઈચ્છા ધરાવતા હશે તેવા ઉમેદવારો તેઓની નજીકની સંસ્થામાં તા. ૨૩/૦૯/૧૫ સુધીમાં અરજી કરવા જણાવવામાં આવેલ છે.

સંસ્થાએ ઉક્ત સમય મર્યાદા બાદ તાત્કાલીક આવી અરજીઓની વિદ્યાશાખાવાર મેરીટ યાદી તૈયાર કરી સંસ્થાની જરૂરીયાત મુજબ અને મંજુર થયેલ જગ્યાના પ્રમાણમાં સંસ્થા કક્ષાએ મુલાકાતી વ્યાખ્યાતા/સહાયક પ્રાધ્યાપક તરીકે બોલાવવાના રહેશે. અને આવા મુલાકાતી વ્યાખ્યાતા/સહાયક પ્રાધ્યાપકને હાલના પ્રવર્તમાન મુલાકાતી વ્યાખ્યાતાના દર મુજબ માનદ વેતન આપવાનુ રહેશે.

(પી. સી. વસાણી)
સંયુક્ત ટેકનીકલ શિક્ષણ નિયામક

બિડાણ: જાહેરાતની નકલ

**નકલ રવાના:**

૧. આ કચેરીના તાબા હેઠળની સર્વે સરકારી ઈજનેરી કોલેજો, સર્વે સરકારી પોલીટેકનીકો વડાઓને જાણ તેમજ અમલ સારૂ.

૨. મહેકમ શાખાના ટેબલ ઘ-૧, ઘ-૨, ઘ-૩, ઘ-૪ અને ઘ-૧૩ તરફ જાણ સારૂ.

3. કચેરી આદેશ ફાઈલ.(ઘ-૧-૨)

## જાહેરાત

## મુલાકાતી સહાયક પ્રાધ્યાપકો/વ્યાખ્યાતાઓને આમંત્રીત કરવા બાબત

ટેકનીકલ શિક્ષણ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તાબા હેઠળની સરકારી ડીગ્રી ઈજનેરી કૉલેજોમાં સહાયક પ્રાધ્યાપકો/પોલીટેકનીકોમાં મુલાકાતી વ્યાખ્યાતાઓને આમંત્રીત કરવાના થાય છે. જે અન્વયે ઈચ્છુક ઉમેદવારોએ તા. ૨૩/૦૯/૧૫ સુધીમાં નજીકની સરકારી ડીગ્રી ઈજનેરી કૉલેજ/પોલીટેકનીકમાં સંપુર્ણ બાયોડેટા, મેળવેલ શૈક્ષણિક લાયકાત તેમજ અનુભવની વિગતો અને તે અંગેના તમામ પ્રમાણપત્રોની સ્વયં પ્રમાણિત નકલો સાથે અરજી મોકલી આપવાની રહેશે. સંસ્થાને મળેલ અરજીઓને ધ્યાને લઈ, સંસ્થા દ્વારા નિયમાનુસાર મુલાકાતી સહાયક પ્રાધ્યાપક / વ્યાખ્યાતાઓની પસંદગી કરવામાં આવશે સદરહુ મુલાકાતી સહાયક પ્રાધ્યાપક/ વ્યાખ્યાતાઓને સંસ્થા દ્વારા સરકારશ્રીના પ્રવર્તમાન ધારા ધોરણ મુજબ માનદ વેતન આપવામાં આવશે.

તા.: ૧૧/૦૯/૧૫ -સહી-

સ્થળ: ગાંધીનગર

કમિશ્નરશ્રી,
ટેકનીકલ શિક્ષણ